ગાંધીનગર સમાચાર

તા. ૨૨-૯-૨૦૧૪, સોમવાર

## તંત્રી સ્થાનેથી....

### સરકારી બંગલાનું રાજકારણ

રાજધાની દિલ્હીમાં સરકારી બંગલાના નામે રાજકારણ એ કોઇ નવી બાબતન નથી. અગાઉ બાબુ જગજીવનરામ અને દલિત નેતા કાંશીરામના નામે આવા ખેલ ખેલાતા રહ્યા છે. ખેડૂત નેતા દેવીલાલના સમર્થકોએ પણ દિલ્હીમાં ચૌધરીવાળી કરેલી તેમ હવે ચૌધરી ચરણસિંહના રાજકીય વારસદારો ૧૨- અકબર રોડ ઉપરના અજિતસિંહના નિવાસ સ્થાને ચરણસિંહના સ્મારકમાં ફેરવવા મેદાને પડ્યા છે. ચૌધરી અજિતસિંહ અમેરિકામાં ભણેલા ઇજનેર છે. પ્રતાપી પિતાનો રાજકીય વારસો જાળવવા તેઓ ભારત પાછા ફરેલા અને પશ્ચિમ ઉત્તરપ્રદેશમાં અત્યાર સુધી એમનું ટંગળમંગળ રાજકારણ ચાલતું પણ રહ્યું હતું. પરંતુ ગઇ સામાન્ય ચૂંટણીમાં કોંગ્રેસ સાથે ગઠબંધન કરીને ચૂંટણી લડેલા અજિતસિંહ અને એમના પુત્ર જયંત - બેઉ હારી ગયા, બલકે એમના રાષ્ટ્રીય લોકદળની એક પણ બેઠક નહીં આવતા જાણે અત્યાર સુધીના સગવડિયા રાજકારણ પર પણ પૂર્ણવિરામ મુકાઇ ગયું. મોદીના વાવાઝોડામાં કોંગ્રેસ જેવી રાષ્ટ્રીય પાર્ટીનાં મૂળિયાં ઊખડી ગયા હોય ત્યાં 'હરિત પ્રદેશ'ના નામે જાટ રાજકારણ ખેલતા અજિતસિંહના લોકદળનો શો હિસાબ? પરંતુ હાર્યા પછી નિયમાનુસાર સરકારી નિવાસ ખાલી કરવાની નોટિસ મળી ત્યારે અજિતસિંહે ખેડૂતોના મસીહા ગણાતા એમના પિતા ચૌધરી ચરણસિંહના નામનું રાજકારણ શરૂ કરી દીધું છે. તેઓ ઇચ્છે છે કે એમનું નિવાસસ્થાન ચૌધરી ચરણસિંહ સ્મારકમાં ફેરવવામાં આવે. એક રીતે એમની દલીલમાં વજૂદ પણ છે. પંડિત જવાહરલાલ નહેરૂના અધિકૃત નિવાસસ્થાન તીન મૂર્તિ ભવનને જો નહેરૂ સ્મારક તરીકે એ ઇન્દિરા ગાંધીના અધિકૃત નિવાસ ૧ - અકબર રોડ તથા ૧ - સફદરજંગ રોડના બંગલાઓને ઇન્દિરા સ્મૃતિ તરીકે મંજૂર કરી દેવાયાં હોય, લાલબહાદુર શાસ્ત્રી અને બાબુ જગજીવનરામનાં નિવાસ સ્થાનો પણ એમનાં સ્મારકો તરીકે ખતવી દેવાયાં હોય તો ચરણસિંહે શો ગુનો કર્યો? એ પણ મોટા ગજાના રાષ્ટ્રીય નેતા હતા અને થોડા સમય પૂરતા વડાપ્રધાન પણ બન્યા હતા. બંગલાનાં લાઇટ-પાણીનાં કનેકશનો કપાઇ જતાં આને માર્કેટ રેન્ટ મુજબ ભાડું માગવામાં આવતાં ચૌધરી અજિતસિંહે વડાપ્રધાન પિતાનું ઓઠું લઇ લાગણીનું રાજકારણ રમવા માંડ્યુ છે. ચૌધરી ચરણસિંહના સમર્થકો પોલીસ સાથે અથડામણમાં આવી ગયા છે. આનું નામ તે રાજકારણ!

# નિપ્સાના વિદ્યાર્થીઓએ ઘરડા ઘર જઈ પરિવારની પ્રાથમિક ફરજનો સમાજને સંદેશો આપ્યો

## અભ્યાસ સાથે સામાજીક પ્રવૃત્તિ કરી સમાજ ઉપયોગી બનવાનો ઉદ્દેશ, કોલેજ દ્વારા પ્રોત્સાહન

ગાંધીનગર, તા.૨૧

નિરમા ઈન્સ્ટીટયુટ ફાર્મસી સ્ટુડન્ટ એસોસીએશન (નિપ્સા) દ્વારા અભ્યાસ સાથે અનેક સામાજીક પ્રવૃત્તિઓ વર્ષ દરમિયાન થાય છે. જે અન્વયે શનિવારના રોજ નિપ્સાના ૫૦થી વધુ સભ્યોએ અમદાવાદ સ્થિત ઘરડા ઘરની મુલાકાત લીધી હતી. પરિવાર તરફથી ઉપેક્ષાનો ભોગ બનેલા વૃદ્ધોને પોતાના બાળકો આવ્યા હોવાની લાગણી જન્મી અને ભાવવિભોર બન્યા હતા. આ સભ્યોએ વૃધ્ધોને જીવનજરુરી ચીજવસ્તુઓની ભેટ આપી હતી અને તેઓ તેમની સાથે જ હોવાનો અહેસાસ કરાવ્યો હતો. સમાજને પરિવારની પ્રાથમિક ફરજનો સંદેશો પૂરો પાડયો હતો જેમાં કોલેજ દ્વારા પ્રોત્સાહન પુરું પડાયું હતું.

અમદવાદ સ્થિત નિરમા ઈન્સ્ટીટયુટના ફાર્મસી વિદ્યાર્થીઓએ એક એસોસીએશનની રચના કરી છે જે અંતર્ગત ચાર એસોસીએશન એકબીજાના પૂરક બન્યા છે. આ એસોસીએશનમાં સભ્યો ઉપરાંત બોર્ડ ઓફ ડિપાર્ટમેન્ટ, ફેકલ્ટી એડવાઈઝર તથા સંસ્થાના અન્ય હોદ્દેદારો સામેલ છે. નિપ્સામાં ૧૫૦થી વધુ સભ્યો છે જે વર્ષ દરમિયાન અનેક સામાજીક પ્રવૃત્તિઓ કરી સમાજને ઉપયોગી બને છે. અભ્યાસ સાથેની આ પ્રવૃત્તિને કોલેજ તરફથી પુરતું પ્રોત્સાહન પુરું પડાય છે. પરિવારથી તરછોડાયેલા વૃદ્ધોને પોતાના પણું મળી રહે તેવા શુભ આશયથી નિપ્સાના સભ્યોએ અમદાવાદ સ્થિત મણીબેન ત્રિભોવનદાસ પરીખ 'માતૃગૃહ'ની શનિવારના રોજ સાંજે મુલાકાત લીધી હતી.

એસોસીએશનના ઉપપ્રમુખ કૈવલ ત્રિવેદી સહિત ૫૦થી વધુ સભ્યોએ આ ઘરડાં ઘરની મુલાકાતમાં ૭૦ જેટલા વડીલોને મળી તેમને હુંફ પુરી પાડી હતી.

પરિવારની ઉપેક્ષાનો ભોગ બનેલા વૃધ્ધો પોતાની પૌત્રી, પૌત્ર જેવા આ વિદ્યાર્થીઓના દાદા દાદી જેવા સંબોધનથી ભાવ વિભોર બની ગયા હતા અને આત્મીયતાની લાગણી જન્મી હતી. નિપ્સાના આ વિદ્યાર્થીઓએ વડીલોને તેલ, ક્રીમ, નેપકીન તથા અન્ય જીવન જરુરી ચીજવસ્તુઓ ભેટમાં આપી હતી તેમજ સાથે બેસી ભજન તથા અન્ય ચર્ચા ઓ કરી હતી. વધુમાં નવરાત્રી નજીક હોવાથી તેમની સાથે ગરબા ગાયા હતા અને બે વર્ષ અગાઉની મુલાકાતના ફોટોગ્રાફસ બતાવ્યા હતા જેથી તેઓએ અત્યંત ખુશી અનુભવી હતી. સાથે નવરાત્રીમાં સૌને ઘરડા ઘરમાં નવરાત્રી કરવા આમંત્રણ આપ્યું હતું. નિરમા સ્ટુડન્ટ વેલફેર બોર્ડના આર્થિક સહયોગ અને સભ્યોના સ્વખર્ચે કરાયેલ આસામાજીક પ્રવૃત્તિ માટે પ્રિન્સિપાલ મંજુનાથ ઘાટે, ચેરપર્સન વિમલકુમાર તથા સપોર્ટ ફેકલ્ટીના જીગર એન. શાહનો સંપૂર્ણ સહકાર મળ્યો હતો. વડીલોના આર્શીવાદ થકી જ સમાજ શ્રેષ્ઠ બને છે તેવો ઉદ્દેશ નિપ્સા દ્વારા આ પ્રવૃત્તિથી સમાજને પૂરો પડાયો છે.



(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

## હરિની દૃષ્ટિ...




જો નવરાત્રી માટે ચણિયા ચોળી, દાંડીયા, બ્યુટી પાર્લરના ખર્ચો તારી સાથે લગ્ન નતા કર્યા ત્યારે માગતી હતી તે બરોબર, પણ હવે તારે સુધરી જવું જોઇએ... !

# ગાયત્રી શક્તિપીઠ દ્વારા ડીસેમ્બરમાં રાંધેજા ખાતે સાધના સત્ર યોજાશે

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગરની સેક્ટર-૧ માં આવેલ ગાયત્રી શક્તિપીઠ ખાતે સમૂહ સાધના વર્ષ ૨૦૧૪-૧૫ નિમિત્તે ડીસેમ્બર માસના આયોજનો અંગે ચર્ચા કરવા એક ગોષ્ટિ યોજાઈ હતી. આ ગોષ્ટિમાં ગાંધીનગર તેમજ રાંધેજાના ગાયત્રી પરિજનોએ ભાગ લીધો હતો.

ગાયત્રી પરિવાર દ્વારા સમૂહ સાધના વર્ષની ઉજવણી અન્વયે ડીસેમ્બર માસમાં ચાર દિવસીય સાધના સત્રનું આયોજન હાથ ધર્યું છે. આ સાધના સત્રમાં શોભાયાત્રા, ૨૪ કુંડી ગાયત્રી મહાયજ્ઞ, દીપયજ્ઞ, ષોડશ સંસ્કાર, નિઃશુલ્ક રોગ નિદાન કેમ્પ, રક્તદાન શિબિર, વ્યસનમુક્તિ અભિયાન વગેરે ધાર્મિક તેમજ સમાજોપયોગી સેવા કાર્યો હાથ ધરવામાં આવનાર છે. આ સાધના સત્ર ગાંધીનગર તાલુકાના રાંધેજા ખાતે યોજાશે. આ સત્રના આયોજન અંગેની ચર્ચા-વિચારણા માટે સે. ૧ માં આવેલ શક્તિપીઠ ખાતે આજે ગોષ્ટિ યોજવામાં આવી હતી. શક્તિપીઠના પૂર્વ ચેરમેન પ્રફુલ્લભાઈ પટેલ, મેનેજીંગ ટ્રસ્ટી ગોવિંદભાઈ પટેલ, વેરાભાઈ પટેલ, રામભાઈ અને લીલાબેન સહિત પરિજનોએ હાજરી આપી હતી.

# નવી શાળાઓ શરૂ કરવા ૩૧ માર્ચ સુધી અરજી કરી શકાશે

## સંસ્થાઓ પાસેથી ઓનલાઈન અરજી મંગાવાઈ : બોર્ડની કારોબારીની બેઠકમાં મંજુરી અંગેની પ્રક્રિયા હાથ ધરાશે

અમદાવાદ,તા. ૨૧

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી શૈક્ષણિક વર્ષ જૂન-૨૦૧૫થી રાજ્યમાં નવી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્કૂલોને મંજુરી આપવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. આ માટે શાળાઓ શરૂ કરવા માંગતી સંસ્થાઓ પાસેથી ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવી છે. બોર્ડના જણાવ્યા મુજબ સંસ્થાઓ દ્વારા ૩૧ માર્ચ સુધી ઓનલાઈન દરખાસ્ત મોકલી શકાશે. ત્યારબાદ બોર્ડની કારોબારીની બેઠકમાં સ્કૂલોને મંજુરી અંગેની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. ફોર્મ ભરવામાં જો સંસ્થાઓ ભુલ કરશે તો આપોઆપ ફોર્મ રદ થઈ જશે. પ્રાપ્ત થતી માહિતી મુજબ જૂન-૨૦૧૫થી શરૂ થતાં નવા શૈક્ષણિક વર્ષ નવી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્કૂલ શરૂ કરવા માટેની કામગીરી બોર્ડ દ્વારા શરૂ કરવામાં આવી છે. આ માટે બોર્ડ દ્વારા ઓનલાઈન દરખાસ્ત મંગાવવાની કાર્યવાહીનો પ્રારંભ કર્યો છે જે સંસ્થાઓ નવી સ્કૂલ શરૂ કરવા માંગતી હોય તેમણે બોર્ડની વેબસાઈટ પર જઈ દરખાસ્ત કરવાની રહેશે. સંસ્થાઓ ૩૧ માર્ચ, ૨૦૧૫ સુધી દરખાસ્ત કરી શકશે.

બોર્ડની વેબસાઈટ પર ઓનલાઈન દરખાસ્ત માટે એફિડેવિટનો નમુનો તેમજ અન્ય જરૂરી સુચનાઓ લખવામાં આળી છે જેના આધારે સંસ્થઆઓ સરળતાથી દરખાસ્ત મોકલી શકશે. જો કોઈ સંસ્થા ઓનલાઈન દરખાસ્ત કરતી વખતે કોઈ ભુલ કરશે તો તે સંસ્થાનું ફોર્મ રદ કરી દેવામાં આવશે તેમ સૂત્રોએ જણાવ્યું હતું. ઓનલાઈન દરખાસ્ત કર્યા બાદ સંસ્થાએ દરખાસ્તની નંબર સાથેની નકલ, અસલ એફિડેવિટ તથા રૂપિયા ૧૦ હજારનો ડીમાન્ડ ડ્રાફ્ટ બોર્ડની કચેરીમાં મોકલવાનો રહેશે. અગાઉ બોર્ડ દ્વારા રૂપિયા ૨૫ હજારનો ડમાન્ડ ડ્રાફ્ટ મંગાવવામાં આવતો હતો. જો કે, ત્યારબાદ આ અંગે વિરોધ ઉભો થયા બોર્ડ દ્વારા રૂપિયા ૧૦ હજારનો ડિમાન્ડ ડ્રાફ્ટ લેવાનું શરૂ કર્યુ છે. બોર્ડ દ્વારા ૩૧ માર્ચ સુધી આવેલી તમામ દરખાસ્તો એકત્ર કરી ત્યારબાદ બોર્ડની કારોબારીમાં તમામ દરખાસ્તો મંજુરી માટે મુકશે. આ બેઠકમાં તમામ દરખાસ્તો પર ચર્ચા બાદ અંતિમ નિર્ણય લેવામાં આવશે. બોર્ડને આ વખતે દોઢસો જેટલી સંસ્થાઓ નવી સ્કૂલ માટે દરખાસ્ત મોકલે તેવી શક્યતા છે. બોર્ડ દ્વારા આ દરખાસ્તોને મંજુરી મળ્યા બાદ ઓનલાઈન મંજુરી મોકલી આપશે. ત્યારબાદ છ માસમાં સ્થળ તપાસમાં જો ખોટી વિગતો આપ્યાનું બહાર આવશે તો સ્કૂલની મંજુરી રદ કરવાના પગલા લેવાશએ. ઉલ્લેખનીય છે કે, બોર્ડની કારોબારી સમિતિની બેઠકમાં સરેરાશ ૧૦માંથી ૩ જેટલી દરખાસ્તોને મંજુરી આપવામાં આવતી હોવાય છે.

# રાજભવન કર્મચારીઓના તેજસ્વી બાળકોનું સન્માન

ગાંધીનગર, તા.૨૧

ગુજરાતના રાજયપાલ શ્રી ઓ.પી. કોહલીએ રાજભવનના કર્મચારીઓના તેજસ્વી બાળકોને ૨૦૧૩-૨૦૧૪ના શૈક્ષણિક વર્ષમાં ઝળહળતી સફળતા મેળવવા માટે તેમનું સન્માન કર્યું હતું.

રાજયપાલશ્રીએ રાજભવન ખાતે યોજાયેલ કાર્યક્રમમાં ઉદબોધન કરતાં જણાવ્યું હતું કે વર્તમાન સમયમાં શિક્ષણનું વિશેષ મહત્વ છે. બાળકોને યોગ્ય શિક્ષણ મળે અને તેમની બુદ્ધિક્ષમતાનો પૂર્ણ વિકાસ થાય તે માટે ખાસ ધ્યાન આપવું જોઈએ. તેમણે સારા ગુણો મેળવી ઝળહળતી સફળતા હાંસલ કરવા માટે તમામ વિદ્યાર્થીઓને હાર્દિક અભિનંદન આપ્યા હતા અને ભવિષ્યમાં પણ તેવો સફળતાના નવા સોપાનો સર કરે તેવા આશીર્વાદ આપ્યા હતા. આ પ્રસંગે નિવૃત્ત અધિકારી-કર્મચારીઓનું પણ રાજયપાલશ્રીના હસ્તે સન્માન કરી વિદાય માન આપવામાં આવ્યું હતું.

## જ્ઞાનકુંભ



- દર્શન મારૂ

### વર્તમાન પ્રવાહો

૧. ૨૦૧૩ તીરંદાજી વર્લ્ડ કપમાં કયો દેશ પ્રથમ રહ્યો હતો ?
➔ **કોરિયા (૭ ચંદ્રક પ્રથમ)**

૨. ૨૦૧૩ તીરંદાજી વર્લ્ડ કપમાં કયો દેશ દ્વિતીય સ્થાને રહ્યો હતો ?
➔ **ચીન**

૩. ૨૦૧૩ તીરંદાજી વર્લ્ડ કપમાં કયો દેશ તૃતીય સ્થાને રહ્યો હતો ?
➔ **ડેન્માર્ક**

૪. ૨૦૧૩માં આયોજિત ચાઇના ઓપન બોકસીંગ ટુર્નામેન્ટમાં ભારતીય ખેલાડી મનજીતસિંહને કયો મેડલ મળ્યો હતો ?
➔ **રજનત (સિલ્વર)**

૫. ૨૦૧૩માં આયોજીત ચેમ્પિયન્સ ટ્રોફીમાં ૭૦૦ રન પુરા કરનાર પ્રથમ બેટ્સમેન કોણ બન્યો છે ?
➔ **ક્રિસ ગેઇલ**

૬. ૨૦૧૩ યુએનની સલામતી સમિતિએ કયા દેશના ઈસ્લામી જૂથ અલનુસરા ફ્રન્ટ પર પ્રતિબંધ મૂક્યો છે ?
➔ **સિરીયા**

૭. ૨૦૧૩માં વિશ્વનો સૌથી ઊંચો ટ્વિસ્ટેડ ટાવર કયા દેશમાં ખુલ્લો મુકવામાં આવ્યો છે ?
➔ **દુબઇ**

૮. ૨૦૧૩માં વિશ્વના કયા દેશમાં વિશ્વનો સૌથી ઊંચો પુલ બનાવવામાં આવ્યો છે ?
➔ **ચીન**

૯. જર્મન ચાન્સેલર એન્જેલા મર્કેલને તેમને કરેલા નિઃશસ્ત્રીકરણ યોગદાન બદલ ૨૦૧૩માં કયો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે ?
➔ **ઇન્દિરા ગાંધી શાંતિ એવોર્ડ**

૧૦. ૨૦૧૩માં પ્રિમિયમ લીગ મેચમાં બેટીંગ દરમિયાન માથામાં બોલ વાગતા ઘવાયેલા કયા દક્ષિણ આફ્રિકન ક્રિકેટરનું મોત નિપજ્યું છે ?
➔ **ડેરેન રેન્ડલ**

૧૧. ૨૦૧૩માં વર્લ્ડ ચેસ ચેમ્પિયનશીપમાં ભારતીય ચેસ ખેલાડી વિશ્વનાથ આનંદને કોણે હાર આપી હતી ?
➔ **કાર્લસન**

૧૨. સાફનું પુરૂં નામ શું છે ?
➔ **સાઉથ એશિયન ફુટબોલ ફેડરેશન**

૧૪. ૨૦૧૩ની ડ્યૂશ બેંક ચેમ્પિયનશીપ કોને જીતી ?
➔ **હેનરિક સ્ટેસો**

૧૫. ૨૦૧૩ની ડ્યૂશ બેંક ચેમ્પિયનશીપ જીતનાર ગોલ્ફ ખેલાડી હેનરિક સ્ટેસો કયા દેશનાં વતની છે ?
➔ **સ્વીડન**

૧૬. આગામી વર્ષ ૨૦૨૦ના ઓલમ્પિક ખેલની મેજબાની કયો દેશ કરશે ?
➔ **જાપાન, ટોકયો**

૧૭. આગામી વર્ષ ૨૦૧૬ના ઓલમ્પિક ખેલની મેજબાની કયો દેશ કરશે ?
➔ **રીયો-ડી-જાનેરો, બ્રાઝિલ**

૧૮. ૨૦૧૩માં આંતરરાષ્ટ્રીય ઓલમ્પિક સમિતિના અધ્યક્ષ બનનાર થોમસ બાક કયાંના રહેવાસી છે ?
➔ **જર્મની**

૧૯. ૨૦૧૩માં થોમસ બાક ઓલમ્પિક સમિતિના કેટલામાં અધ્યક્ષ બન્યા ?
➔ **૯માં**

૨૦. મિસ વર્લ્ડ ૨૦૧૩ની પ્રતિયોગિતા ઈન્ડોનેશિયાના કયા સ્થળે યોજવામાં આવી હતી ?
➔ **નાસા દુઆ કન્વેશન સેન્ટર**

# મહિલા સશક્તિકરણના સંદર્ભમાં જે વિવિધ ધારાઓ છે એટલે કે વિવિધ ખ્યાલો છે તે સમાજકાર્યના અભ્યાસ સંદર્ભમાં પણ જાણવા જરૂરી છે

## મહિલા સમાજ અને કાયદો

ડૉ. ભાવના કે. જોશીપુરા

ગત અંકમાં એક નવો વિષય કે જે સજા સંદર્ભેની જોગવાઈ એ બાબતે સમજણ મેળવી રહયા હતા મોતની સજા અને એ સંદર્ભેના હાલના બનાવોની પણ ચર્ચા કરી રહયા હતા. ખાસ કરીને મહિલાઓ ઉપરના જાહેર જગ્યાએ થતા અત્યાચારો એ બાબત અંગે એક સામાજિક જાગૃતિ કેળવવી આવશ્યક તત્વ છે. કેટલાક સમાજસેવી સંગઠનો અને સમાજકાર્યોના વિદ્યાર્થીઓએ મહિલા સશકિતકરણની પાયાની બાબતો જાણવવા જિજ્ઞાસા પ્રદર્શીત કરી છે. મહિલા સશકિતકરણની વિશ્વભરમાં વાત થઈ રહી છે ત્યારે ખરેખર એની પાયાની બાબતો અને આ સંદર્ભમાં વિગતવાર માહિતી પુરી પાડવા પણ આ કોલમના વાંચકોએ જણાવ્યું છે તો ચાલો આજે આપણે મહિલા સશકિતકરણ વિશે થોડું સમજીએ.

**મહિલા સશકિતકરણ શા માટે?**

મહિલા સશકિતકરણના સંદર્ભમાં લેવાયેલા પગલાઓ પણ સમજવા અને જોવા જરૂરી છે, જે ઉપર દ્રષ્ટીપાત કરીએ તો,

મહિલા સશકિતકરણ શબ્દનું મૂળ વૈશ્વીક સ્તરે સ્ત્રીઓના સંદર્ભમાં દાયકાઓ સુધી ચાલેલી ચળવળ તેમજ તેની સમાલોચનામાં પડેલું છે, જેને આપે ત્રીજું વિશ્વ કહીએ છીએ તે ત્રીજા વિશ્વના દેશોની સ્ત્રી ચળવરકારોના માધ્મથી આ શબ્દ ઉપસી આવેલ છે. મૂળભુત રીતે સશકિતકરણનો અર્થ જે તે ક્ષેત્રમાં શકિત પૂાપ્ત કરવાનો છે "શકિતશાળી બનવું" નો પ્રચલિત શબ્દ સશકિતકરણમાં સમાવિષ્ટ થયો છે. ૧૯૮૫ માં પૂથમ વખત ડેવલોપમેન્ટ અલ્ટરનેટીવઝ વીથ વુમન ફોર એ ન્યુ એરાના માધ્યમથી અસ્તિત્વમાં આવ્યો હતો અને ખાસ કરીને પશ્ચિમના દેશોમાં ૧૯૯૦ ના દશકમાં આ શબ્દને સ્વિકૃતી મળવામાંડી, ભારત વર્ષમાં ખાસ કરીને ૯ મી પંચવર્ષીય યોજના એટલે કે ૧૯૯૭ થી ૨૦૦૨ની પંચવર્ષીય યોજના વિશેષ રીતે ૨૦૦૧ ની સાલમાં 'સ્ત્રી સશિકતકરણ વર્ષ તરીકેની ઉજવણીમાંથી પ્રાપ્ત થયો અને ભારત વર્ષમાં અત્યંત ટુંકાગાળામાં સ્ત્રી સશિકતકરણ શબ્દ પ્રચલિત બની જવા પામેલ છે.

એડમ્સનના માતે સશકિતકરણ એટલે વ્યકિત, જૂથ, સમુદાય કે ચોકકસ સમૂહ દ્વારા પ્રત્યેક સંજોગો ઉપર અંકુશ ધારણ કરી અને ઈચ્છીત લક્ષ્ય હાંસલ કરવાની સ્થિતિ એ સશકિતકરણ છે. આ અર્થ મુજબ વ્યકિત, સમૂહ કે જૂથે પોતાના પગ ઉપર આત્મનિર્ભર થઈ અને સંપૂર્ણ સ્વનિર્ભર થવાની બાબત છે. સમાજકાર્ય ડિક્ષનરી (બારકર ૧૯૯૧) ના મતે કોઈ ચોકકસ જૂથને કે સમુદાયને રાજનૈતિક પ્રભાવ તથા કાયદાકીય માધ્યમથી સતા અને અધિકારો પ્રાપ્ત કરવા માટે કરવામાં આવતી સહાયની વ્યવસ્થા એ સશકિતકરણ છે.

શ્રી જે. કે. પીલ્લાઈના મતે આ એક બહુપરીમાણીય એવી પ્રક્રિયા છે જે (સ્ત્રીને) પોતાનું વ્યકિતત્વની અનુભૂતિ થાય તથા દરેક ક્ષેત્રમાં તેને મળવા પાત્ર શકિત મળે તે છે, જે રોનાલ્ડ ચાર પાસાઓ ઉપર ભાર મુકે છે.

(૧) અન્ય ઉપર પ્રભુત્વની સતા

(૨) કોઈપણ ઉપર પ્રભુત્વની પ્રકિયા કર્યા વગર નવી શકયતાઓ અને નવી ક્રિયાશિલતા માટેની શકિત આપે

(૩) સમૂહમાં કોઈ વ્યકિત દ્વારા વૈયકિત ધોરણે વિશેષ શકિત પ્રાપ્ત કરવી અને

(૪) અંતરાત્માની શકિતના આધાર ઉપર તેમજ મૂળભૂત માનવ તરીકે આંતરશકિતના પ્રગટીકરણના માધ્યમથી કોઈ સતા પ્રાપ્ત કરવી. સમગ્ર દ્રષ્ટિએ જોતા સશકિતકરણનો ખ્યાલ કોઈ ચોકકસ વ્યાખ્યા ઉપર આધારીત નથી પરંતુ કેટલાક અલગ અલગ માધ્યમો તેમજ પરીમાણોના માંપનથી જાણી શકાતી સ્થિતિ અથવા તેના આધાર ઉપર નકકી થતો સામાજીક દરજજો એ બધી બાબતો ઉપર આવલંબન કરે છે પરંતુ આમ છતાં આ બાબતોની સરણીકરણ કરીએ તો વૈયકિતક, સામાજીક, આર્થિક, રાજનૈતિક પરિવર્તન અને તેના આધારે પ્રાપ્ત થતી આ ક્ષેત્રોને શકિત છે.

એમ્પાવરમેન્ટની પ્રક્રિયાનો વૈયકિત તેમજ સામૂહિક સંદર્ભ લેતા પાંચ બાબતો ઉપર આવલંબન રાખે છે.

- **self-reliance** (સ્વનિર્ભર)
- **self-awareness** (સ્વયં જાગૃતિ)
- **collective mobilization and organisations** (સંગઠીત થવું)
- **capacity building** (ક્ષમતા પ્રાપ્ત કરવી)
- **external exposure and interaction** (બાહય પ્રગટિકરણ અને સંવાદ)

૧૯૯૫ માં બેઈઝીંગ ખાતે મળેલ જથી વૈશ્વીક પરીષદની અંદર ગુણવતા તેમજ જથ્થાયુકત બાબતોના સંદર્ભમાં કેટલીક પાયાની બાબતો નકકી કરવામાં આવી છે.

એમ કહેવાય છે કે નોરા- એ જયારે બારણું બંધ કર્યુ તે સમયે સ્ત્રી સ્વતંત્રતાના બારણા ખુલ્યા. આપ સૌ વાંચકોએ એક અંગેજી લેખક ઈબસન- નું નોરા નામની કૃતિ વાંચી હશે. એ કૃતિ આખી અહિંયા લખી શકાય તેમ નથી પરંતુ એક સ્ત્રીને પોતાના આત્માનો એક અવાજ, પોતાના હદયનો એક રણકાર સંપૂર્ણ સ્વાભિમાન તરફ લઈ જવામાં પ્રરણારૂપ બને છે. ખેર! આપણે અહિં સાહિત્યની ચર્ચા કરતા નથી. આપણો હેતુએ મહિલા સશકિતકરણ સંદર્ભ સમજવાનો છે.

મહિલા સશકિતકરણના સંદર્ભમાં જે વિવિધ ધારાઓ છે એટલે કે વિવિધ ખ્યાલો છે તે સમાજકાર્યના અભ્યાસ સંદર્ભમાં પણ જાણવા જરૂરી છે. સમાજ ઉત્થાન માટે સમાજકાર્ય અને સમાજશાસ્ત્ર એ બંનેના મૂળભૂત સિધ્ધાંતો અને મૂળભૂત બાબતો સમજવી જરૂરી છે. જે વિવિધ વિચારધારાઓ છે તે નીચે મુજબ છે.

(૧) કલ્યાણની વિચારધારા (વેલ્ફેર એપ્રોચ)
(૨) સમતાનો ખ્યાલ (ઈકવીટી એપ્રોચ)
(૩) ગરીબી ઉન્મુલનનો ખ્યાલ (ધી એન્ટીપોવર્ટી એપ્રોચ)
(૪) કાર્યક્ષમતાનો ખ્યાલ (એફસીયન્સી એપ્રોચ)
(૫) સશકિતકરણનો ખ્યાલ (ધી એમ્પાવરમેન્ટ એપ્રોચ)

વિવિધ પાંચ વિચારધારાઓ અને તેના સંદર્ભ સાથે મળીએ આવતા અંકે...